પ્રાથમિક શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ અનુસંધાને સમજૂતી બહાર પાડવા બાબત.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
30 MAR 2021
આવક નં. ૩૯૬૭૨

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૯/પ્રાશિનિ-૨૮૮/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭/03/૨૦૨૧

વંચાણે લીધા–

(૧) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : K/SH/1/PRE/112000/632/K, તા. 03/09/૨૦૦૪.

(૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨/પીઆરઇ/૧૧૧૧/ સીંગલ ફાઇલ/૩/ક, તા. ૧૮/૦૧/૨૦૧૨.

(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૩/૬૩૯૦૭૭/ક, તા.૦૨/૧૨/૨૦૧૪

(૪) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/50/PRE/1115/SI/F/11-K, તા. ૨૨/૦૯/૨૦૧૬.

(૫) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/7/PRE/112012/SF-5/K, તા. ૩૧/૦૧/૨૦૧૯.

(૬) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/50/PRE/1115/SI/F/11-K, તા.૧૨/૦૧/૨૦૨૧

(૭) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/02/PRE/1115/SF-5/K, તા. ૨૧/૦૧/૨૦૨૧.

(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૯/પ્રાશિનિ-૨૮૮/ક. તા.૧૫/03/૨૦૨૧

પ્રસ્તાવના:

શિક્ષણ વિભાગના તારીખ 03/09/૨૦૦૪ના સંદર્ભ (૧) હેઠળના જાહેરનામાથી મદદનીશ કેળવણી નિરીક્ષકના ભરતી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. આ ભરતી નિયમોની જોગવાઇ મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષકની ફીડર કેડર તરીકે પ્રાથમિક

ઇન્વર્ડ નં. ...
તારીખ ...


Scanned with CamScanner

શિક્ષકને ગણવામાં આવેલ હતા અને તે મુજબ પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે તરતની બઢતીનું એટલે કે મદદનીશ કેળવણી નિરીક્ષકનું પગાર ધોરણ મળવાપાત્ર થતું હતું. પ્રાથમિક શિક્ષકો માટે મદદનીશ કેળવણી નિરીક્ષક બાદ કોઇ બઢતીનો સંવર્ગ ન હોવાથી તેઓને બીજું અને ત્રીજું ઉચ્ચતર પગાર નાણા વિભાગ દ્વારા તારીખ ૧૮/૦૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : પગર-૧૦૦૯-૫૬-પ.એ.(મ) થી નિયત કરવામાં આવેલ અનુસૂચિ મુજબ મળવાપાત્ર થતું હતું.

ત્યારબાદ, આ વિભાગના સંદર્ભ (૨) હેઠળના તા.૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામાથી મુખ્ય શિક્ષક સંવર્ગના ભરતી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. આ ભરતી નિયમોથી કરવામાં આવેલ જોગવાઇ મુજબ મુખ્ય શિક્ષકની ફીડર કેડર તરીકે પ્રાથમિક શિક્ષકને રાખવામાં આવેલ હતા. મુખ્ય શિક્ષકની જગ્યા ઉપર બઢતી મેળવવા અથવા તો ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે નિયત કરવામાં આવેલ લાયકાતો પૂર્ણ કરવાની જોગવાઇ ઉક્ત જાહેરનામામાં કરવામાં આવેલ હતી.

આમ, પ્રાથમિક શિક્ષકોને તારીખ 03/09/२००४ ના જાહેરનામા અનુસાર મદદનીશ કેળવણી નિરીક્ષક તથા તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામા અનુસાર મુખ્ય શિક્ષક એમ બઢતી માટે બે જગ્યાઓ થતી હોઇ, તેઓના ઉચ્ચતર પગાર ધોરણ સંબંધિત વિસંગતતા ઉપસ્થિત થતા આ વિભાગના તારીખ ૦૨/૧૨/૨૦૧૪ના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી મુખ્ય શિક્ષકની જગ્યા ઉપર બઢતી મેળવવી સ્વૈચ્છિક હોઇ, તેઓએ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમ ઠરાવવામાં આવેલ.

ત્યારબાદ, આ વિભાગના સંદર્ભ (૪) હેઠળના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામાથી મુખ્ય શિક્ષકના ભરતી નિયમો, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવેલ.

ત્યારબાદ, આ વિભાગના તારીખ ૩૧/૦૧/૨૦૧૯ના સંદર્ભ (૫) હેઠળના જાહેરનામાથી મદદનીશ કેળવણી નિરીક્ષકના ભરતી નિયમો, ૨૦૧૯ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. આ નિયમોની જોગવાઇ મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષકની ફીડર કેડર તરીકે પ્રાથમિક શિક્ષકોના બદલે મુખ્ય શિક્ષક સંવર્ગનો સમાવેશ કરવામાં આવેલ. આમ, પ્રાથમિક શિક્ષકો માટે સીધી બઢતીની કોઇ જગ્યા રહેતી ન હોઇ તેમજ મુખ્ય શિક્ષકની બઢતી

પ્રાથમિક શિક્ષકો માટે સ્વૈચ્છિક હોઇ તેઓના ઉચ્ચતર પગાર ધોરણ અંગે વિસંગતતા ઉપસ્થિત થયેલ હતી.

આ વિસંગતતાઓ દૂર કરવા સંદર્ભે થયેલ વિચારણાઓને અંતે, સંદર્ભ (૬) હેઠળના આ વિભાગના તારીખ ૧૨/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી મુખ્ય શિક્ષક, વર્ગ-૩ સંવર્ગના ભરતી નિયમોમાં સુધારો કરવામાં આવેલ અને સંદર્ભ (૭) હેઠળના તારીખ ૨૧/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી મદદનીશ કેળવણી નિરીક્ષકના ભરતી નિયમો, ૨૦૨૧ પ્રસિદ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ તારીખ ૧૫/૦૩/૨૦૨૧ના સંદર્ભ (૮) હેઠળના ઠરાવથી મુખ્ય શિક્ષક, વર્ગ-૩ સંવર્ગને શૈક્ષણિક સંવર્ગ ગણવાની મંજૂરી આપવામાં આવેલ છે.

**પરિપત્ર :**

ઉપર્યુક્ત વિગતે આ વિભાગના તારીખ ૧૨/૦૧/૨૦૨૧ અને તારીખ ૨૧/૦૧/૨૦૨૧ના જાહેરનામા તેમજ તારીખ ૧૫/૦૩/૨૦૨૧નો ઠરાવ અમલમાં આવેલ હોઇ, રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને પ્રથમ, દ્વિતિય અને ત્રીજા ઉચ્ચતર પગાર ધોરણના સંબંધમાં સંદર્ભ (૧) થી (૮) હેઠળ પ્રસિદ્ધ થયેલ જુદા જુદા જાહેરનામા અને ઠરાવો તેમજ તેમાં કરવામાં આવેલ આનુષાંગિક ફેરફારો અન્વયે અર્થઘટનની બાબતમાં એકસૂત્રતા જળવાઇ રહે તે હેતુથી, સંદર્ભમાં દર્શાવેલ તમામ જાહેરનામા અને ઠરાવોની મૂળ જોગવાઇઓમાં કોઇપણ ફેરફાર ન થાય તે ધ્યાને લઇને, તે જોગવાઇઓના સંદર્ભમાં નીચે મુજબની સામાન્ય સમજૂતી બહાર પાડવામાં આવે છે.

- પ્રાથમિક શિક્ષક સંવર્ગ એ મુખ્ય શિક્ષક સંવર્ગની ફીડર કેડર હોઇ, પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મુખ્ય શિક્ષકનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે.
- મુખ્ય શિક્ષક માટે મદદનીશ કેળવણી નિરીક્ષકની જગ્યા ઉપર બઢતી મેળવવી સ્વૈચ્છિક છે. એટલે કે મુખ્ય શિક્ષક માટે ફરજિયાત બઢતીની કોઇ જગ્યા નથી પરંતુ જે મુખ્ય શિક્ષક બઢતી મેળવવા ઇચ્છતા હોય માત્ર તેઓએ જ સંબંધિત પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ, મુખ્ય શિક્ષકનો સંવર્ગ એકાકી સંવર્ગ છે.

- મુખ્ય શિક્ષક સંવર્ગને શૈક્ષણિક સંવર્ગ ગણવામાં આવેલ છે તેમજ આ સંવર્ગ એકાકી સંવર્ગ હોવાથી પ્રાથમિક શિક્ષકો માટે મુખ્ય શિક્ષક બાદ ફરજિયાત બઢતી માટે કોઇ જગ્યા ન હોઇ, તેઓને નાણા વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ અનુસૂચિ મુજબનું દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે.
- મુખ્ય શિક્ષક માટે ફરજિયાત બઢતીની કોઇ જગ્યા ન હોવાથી તેઓને પણ એકાંકી સંવર્ગ મુજબ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણ સંબંધિત લાગુ પડતા ઠરાવ તથા તેમાં થયેલ આનુષાંગિક .સુધારાઓની જોગવાઇને આધીન નાણા વિભાગ દ્વારા નિયત કરવામાં અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે.
- મુખ્ય શિક્ષક તારીખ ૨૧/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ પદ્ધતિ મુજબ જો સ્વૈચ્છિક રીતે મદદનીશ કેળવણી નિરીક્ષક સંવર્ગમાં બઢતી મેળવે છે તેવા સંજોગોમાં તેઓએ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણ સંબંધિત લાગુ પડતા ઠરાવની જોગવાઇઓને આધીન ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

B.N.E.
(ભાવેશ એરડા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

---

ઈ.નં.39642

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2021/૨૧૨૧-૭૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૩ /04/2021

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ . . .
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

શિક્ષણ વિભાગના તા.17/03/2021 ના ઠરાવ અન્વયે જાણ સારૂ તથા અમલવારી સારૂ . . .

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર